**શ્રી એમ.વી.ચોકસી, ઓથોરીટી અંડર ધી પે.વે.એકટ, લેબર કોર્ટ,**
**સુરત સમક્ષ**

**પેમેન્ટ ઓફ વેજીસ અરજી નં. ૩૬/૨૦૧૨**
**આંક : ૫**

**અરજદાર** :– અરુણ સંજીત ચૌધરી,
રહે. વૃંદાવન સોસાયટી, આસપાસ,
ગોડાદરા, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા** :– વર્ધમાન પ્રિન્ટીંગ પ્રેસ,
ઠે. પ્લોટ નં.બી/૨, સીટી ઈન્ડસ્ટ્રીયલ સ્ટેટ,
મેઈન રોડ, ઉધના, સુરત.
માલીક રાજુભાઈ.

**પ્રતિનિધિત્વ** :– અરજદાર તરફે :– પ્રતિનિધિશ્રી રવિભાઈ ચૌધરી.
સામાવાળા તરફે :– કોઈ હાજર નથી.

**:: ચુકાદો ::**

**પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબની અરજી**

(૧) અરજદારની અરજીની હકીકત એવી છે કે, આ કામના અરજદાર સામાવાળા સંસ્થામાં પંચીગ ઓપરેટર તરીકે ૬ વર્ષથી માસીક રુા.૫,૨૦૦/–ના પગારથી નોકરી કરતા આવેલા. સામાવાળા સંસ્થાને કાયદેસર મજુર કાયદાઓ લાગુ પડે છે અને તેનો અમલ કરવાની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. અરજદારને આપવા જોઈતા હકો અને લાભો જેવા કે હાજરીકાર્ડ, પગારચીઠ્ઠી, આઈ.ડી.કાર્ડ વિગેરે આપતા ન હતા અને અરજદાર સંસ્થામાં જોડાયા ત્યારથી ૧૨ કલાક કામ કરતા આવેલા પરંતુ વધારાના ચાર કલાકના ઓવરટાઈમના નાણા ચુકવતા ન હતા. અરજદારને તા.૧૬–૫–૧૧ ના રોજ કોઈપણ જાતના વાંકગુના વિના માત્ર મૌખિક હુકમથી કાયમી નોકરી પરથી છુટા કરી દીધેલા અને છુટા કરતા પહેલા કોઈ શોકોઝ નોટીસ આપેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી અને કાયદેસર હકોના નાણાં તથા કરેલા કામના બાકી પગારની ચુકવણી કરેલ નથી અને ચુકવી આપવાનો ઈન્કાર કરેલ છે. અરજદારના સામાવાળા પાસે અઢી માસના બાકી પગારના રુા.૧૩,૦૦૦/–, બાકી હકરજાના રુા.૫,૨૦૦/–, નોટીસ પગારના રુા.૬,૦૦૦/– અને છટણી વળતરના રુા.૧૫,૬૦૦/–

મળી કુલ રુા.૩૯,૦૦૦/– (અંકે રુપીયા ઓગણચાલીસ હજાર પુરા) લેવાના નીકળે છે. તે રકમ સામાવાળા પાસેથી વસુલ મેળવવા અરજદાર હકદાર થતા હોય સામાવાળા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા તે રકમ સામાવાળાએ રોકી રાખેલ હોય કાયદાની જોગવાઈ મુજબ ૧૦ ગણી વળતરની રકમ ચુકવી આપવા તથા ખર્ચ અપાવવા દાદ માંગેલ છે.

(૨) સદર અરજીની ધોરણસરની નોટીસ સામાવાળાને બજતા સામાવાળા તરફે હાજર થઈ અરજદારની અરજી વિરુધ્ધ જવાબ રજુ કરેલ ન હોય આંક–જથી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

(૩) સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં સદર કામ અરજદારના પુરાવા માટે રાખવામાં આવતા પુરાવો રજુ કરવા માટે અરજદારને અનેક મુદતો આપેલ છે. તેમ છતાં અરજદાર તરફે હાજર રહેલ નથી કે રીપોર્ટ રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારને આ કામમાં કોઈ રસ ન હોય તેમની સ્વૈચ્છિક ગેરહાજરી લક્ષમાં રાખી તા.૬–૯–૧૮ના રોજ અરજદારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે કોઈ હાજર થયેલ નથી કે પુરાવો રજુ કરેલ ન હોય તા.૯–૧૦–૧૮ના રોજ સામાવાળાનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ દલીલ ઉપર હોઈ બંને પક્ષકારોની સ્વેચ્છિક ગેરહાજરી ધ્યાને લઈ તેઓનો દલીલ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

(૪) અરજદારની અરજી તથા રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર સામાવાળા સંસ્થામાં પંચીંગ ઓપરેટરના હોદ્દા પર ૬ વર્ષથી માસીક રુા.૫,૨૦૦/–ના પગારથી નોકરી કરતા આવેલા. અરજદારને તા.૧૬–૫–૧૧ ના રોજ કોઈપણ જાતના વાંકગુના વિના માત્ર મૌખિક હુકમથી કાયમી નોકરી પરથી છુટા કરી દીધેલા. અરજદારના સામાવાળા પાસે અઢી માસના બાકી પગારના રુા.૧૩,૦૦૦/–, બાકી હકરજાના રુા.૫,૨૦૦/–, નોટીસ પગારના રુા.૬,૦૦૦/– અને છટણી વળતરના રુા.૧૫,૬૦૦/– મળી કુલ રુા.૩૯,૦૦૦/– (અંકે રુપીયા ઓગણચાલીસ હજાર પુરા) લેવાના નીકળે છે. તે રકમ સામાવાળા પાસેથી વસુલ મેળવવા અરજદાર હકદાર થતા હોય સામાવાળા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા તે રકમ સામાવાળાએ રોકી રાખેલ હોય કાયદાની જોગવાઈ મુજબ ૧૦ ગણી વળતરની રકમ ચુકવી આપવા તથા ખર્ચ અપાવવા અરજી કરેલ છે. જયારે સામાવાળા તરફે હાજર થયેલ નથી કે જવાબ

રજુ કરેલ ન હોય સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં આ કામ ત્યારબાદ અરજદારના પુરાવા પર રાખવામાં આવેલ. પરંતુ અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા માટે અરજીની તમામ હકીકત દસ્તાવેજી અને મૌખિક પુરાવાથી પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી અરજદારની હોવા છતાં સતત ગેરહાજર રહેલ છે અને કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા તેમને કાયદેસર રીતે મળવાપાત્ર પગાર તથા અન્ય કાયદેસરની લેણી રકમ સામાવાળાએ ચુકવેલ ન હોય અને આવી રકમ પગાર ચુકવણી ધારાની જોગવાઈ અનુસાર રોકી રાખેલ હોય તેવી હકીકત પુરવાર કરેલ નથી અને આવી અન્ય કોઈ રકમ મેળવવા હકદાર હોય તે અંગેની હકીકત પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી. આમ, અરજદારે જયારે તેમની અરજીમાં માંગેલ દાદ મુજબની હકીકત પુરવાર કરેલ ન હોય ત્યારે સામાવાળાએ પણ આવી હકીકત પુરવાર કરવાની રહેતી ન હોય અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા અરજદાર હકદાર થતા ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની અરજી ગેરહાજરી અને પુરાવાના અભાવે નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૧૬–૧૦–૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

સુરત.
તા. ૧૬–૧૦–૨૦૧૮

(મલય વિભાકર ચોકસી)
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ
ઓફ વેજીસ એકટ, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ00831